રજી. નં. એફ - ૨૪૦, અમદાવાદ.

# શ્રી અમદાવાદની સમસ્ત મોઢ ચાંપાનેરી વણિક જ્ઞાતિ ફંડ

(જેની સાથે અમૃતવાડી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ મોઢ ચાંપાનેરી વણિક જ્ઞાતિના મ્હાડ અને પૂનમીયા ટોળી ટ્રસ્ટનું એકત્રીકરણ થયેલ છે.)

**રજીસ્ટર્ડ ઓફીસ :** ''ફરકીવાળા હોલ'' બીસ્કીટ ગલી, પાનકોર નાકા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

**વહીવટી ઓફીસ :** ૧૫, જનરલ બેંક ચેમ્બર્સ, પહેલો માળ, નવરંગપુરા મ્યુ. માર્કેટ સામે, સી.જી.રોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯ ફોન : ૨૬૪૪૧૮૧૮

રેફ. નં.                                                                 તા.  -   - ૨૦

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપણા ગુજરાત રાજયના રાજયપાલ મહામહિમ શ્રી ઓ.પી.કોહલીજીના વરદ હસ્તે જ્ઞાતિની વસ્તીપત્રકની માહિતી સાથેની વેબસાઈટનું અનાવરણ થતા જ્ઞાતિની વ્યવસ્થાપક કમિટિ અત્યંત આનંદની લાગણી તેમજ ગર્વ અનુભવે છે.

વિતેલા વર્ષના પરંપરાગત કાર્યક્રમ ઉપરાંત આવનાર પેઢીને ધ્યાનમાં રાખીને નવા કાર્યક્રમોનો ઉમેરો કરેલ છે. જેમકે, ''અભ્યાસ માર્ગદર્શન લક્ષી કાર્યક્રમમાં'', મેડીકલ અવેરનેસ સાથે હેલ્થ ચેકઅપ, સમાજની તાતી જરૂરીયાતવાળો ''જીવનસાથી પરિચય મેળો'', જેને આપ સૌએ બહોળી સંખ્યામાં ભાગ લઈને વધાવ્યા. સાથે સાથે જુના કાર્યક્રમોમાં સુધારા કરી સ્વચ્છતા તથા સગવડતા આપવાના પ્રયત્નો કરીએ છીએ. જેમકે, ખીચડા ઉજાણીને ઈનામ વિતરણ કાર્યક્રમ સાથે જોડવો તથા વિધાર્થી/વિધાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા ઈનામની સાથે મેડલ, સર્ટીફિકેટ તથા તેઓના ફોટા સાથેની પુસ્તીકા છપાવવાનું આયોજન. જેને આપ સૌ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ઈધણ પુરુ પાડો છો. માગશર સુદ બીજના અન્નકુટમાં દર્શનાર્થીઓને હાઈજેનીક પ્રસાદ મળે, ચૈત્ર મહિનામાં ચાલતા સંઘના આયોજનમાં પણ ઉત્તરોતર વધુ સારી સેવા તથા સગવડ આપવાના પ્રયત્નો ચાલુ જ છે. નવયુવાનોને નવરાત્રિમાં ગરબે ઘુમવા અને મન મુકીને હીંચ લેવા અનુકુળ વાતાવરણ પુરું પાડવું. દર પૂનમે બહુચરાજી ખાતે આવેલ અતિથિગૃહમાં કીફાયતી દરે નવચંડી યજ્ઞનું આયોજન તથા યજમાનો તેમજ દર્શનાર્થીઓને બહુચરાજી ખાતે દર્શનાર્થીઓને સવાર સાંજ સ્વચ્છ, ગરમ સાત્વીક ભોજન મળી રહે તથા યાત્રાધામ અંબાજી અને બહુચરાજી ખાતે આવેલ જ્ઞાતિના અતિથિ ગૃહોમાં વધુ ને વધુ કીફાયતી દરે સુઘડ સગવડ મળી રહે તે દિશામાં પ્રયત્નો જારી છે.

આ કાર્યક્રમોમાં સહકાર આપી સફળ બનાવવામાં આપણી વ્યવસ્થાપક કમિટિના સભ્યો, કાર્યકર્તાઓ તેમજ આપ સૌ જ્ઞાતિજનોનો હું આભારી છું. સૌ જ્ઞાતિજનો પોતપોતાના ક્ષેત્રમાં ઉત્તમ પ્રગતિ કરે એવી મારી હાર્દિક શુભેચ્છા. જય બહુચર

આપનો વિશ્વાસુ,

રાજેશ ગાંધી

**વ્યવસ્થાપક કમિટિ**

શ્રી રાજેશભાઈ રામચંદ ગાંધી-પ્રમુખ

શ્રી હિરલ ભરતભાઈ મોદી-ઉપપ્રમુખ

શ્રી હિરેનભાઈ અશ્વિનભાઈ ટેકરાભાગુ-માનદ્ મંત્રી

શ્રી જનકભાઈ પ્રમોદભાઈ ખાંડવાલા-માનદ્ સહમંત્રી

શ્રી હેમેન્દ્રભાઈ વાસુદેવભાઈ રેશમવાલા-ખજાનચી

શ્રી હરેન્દ્રભાઈ ભોગીલાલ ગંધકવાલા-સભ્ય

શ્રી સિધ્ધાર્થભાઈ ઠાકોરલાલ જાડાવાલા-સભ્ય

શ્રી ભરતભાઈ જયંતિલાલ મોદી-સભ્ય

ડૉ. બિમલભાઈ સુરેશભાઈ મોદી-સભ્ય

શ્રી અતુલભાઈ કનૈયાલાલ ફડીયા-સભ્ય

શ્રી કુશલભાઈ અશોકભાઈ રસાલાવાળા-સભ્ય